# NMMS–2021-2022



પરીક્ષાનો સમય : 3 કલાક

બેઠક નંબર : | | | | | | |

## પરીક્ષાર્થીઓ માટે સૂચના

**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. આ પેપરમાં નીચે મુજબના વિભાગો, પ્રશ્નોની સંખ્યા, સમય અને ગુણ છે.

| વિભાગ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | સમય | ગુણ |
|---|---|---|---|---|
| 1 | માનસિક ક્ષમતા કસોટી | 1 થી 90 | 90 મિનિટ | 90 |
| 2 | શાળાકીય યોગ્યતા કસોટી | 91 થી 180 | 90 મિનિટ | 90 |
| | કુલ | 180 | 180 મિનિટ | 180 |

2. વિભાગ- 2 માં પ્રશ્ન ક્રમાંક : 91 થી 180 શાળાકીય યોગ્યતા કસોટી (ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ સામાજિક વિજ્ઞાન) ના છે.
3. તમામ પ્રશ્નો ફરજિયાત છે.
4. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઈજ આપવામાં આવેલા છે.
5. બંને વિભાગના જવાબો એક જ OMR SHEET માં જ વિભાગવાર આપવાના રહેશે. તે બાબત ધ્યાનમાં રાખશો.
6. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
7. અનુવાદ કરેલા પ્રશ્નપત્રમાં ઉપસ્થિત થતા વિવાદની પરિસ્થિતિમાં ગુજરાતી પ્રશ્નપત્ર માન્ય ગણાશે.
8. પ્રશ્નપત્રની પુસ્તિકામાં કોઈપણ પ્રશ્નના જવાબના વિકલ્પ A, B, C, D પૈકી કોઈપણ સામે જવાબની નિશાની કરવી નહી.

SEAL


## વિભાગ - 1 : માનસિક ક્ષમતા કસોટી

**સૂચના :** નીચે આપેલા 1 થી 10 પ્રશ્નોમાં સંખ્યાઓને એક ચોક્કસ નિયમાનુસાર અંકશ્રેણીમાં ગોઠવવામાં આવેલ છે. જેમાં એક અંક ખૂટે છે. તે ખૂટતા અંકના સ્થાને '?' પ્રશ્નાર્થની નિશાની કરેલ છે. આપેલાં ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખૂટતો અંક શોધો.

| | |
|---|---|
| **1** | 4, 9, 19, 34, ?<br>(A) 44 (B) 49 (C) 54 (D) 59 |
| **2** | 7, 14, 42, 168, ?<br>(A) 336 (B) 504 (C) 672 (D) 840 |
| **3** | 34, 33, 29, 20, ?<br>(A) 4 (B) 16 (C) 12 (D) 10 |
| **4** | 48, 12, 4, 2, ?<br>(A) 1 (B) 2 (C) 0 (D) –1 |
| **5** | 3, 10, 45, 220, ?<br>(A) 545 (B) 995 (C) 1095 (D) 1075 |
| **6** | 4, 7, 25, 10, ? , 20, 16, 19<br>(A) 13 (B) 15 (C) 14 (D) 17 |
| **7** | 83, 73, 93, 63, ? 93, 43<br>(A) 83 (B) 73 (C) 53 (D) 78 |
| **8** | 11, 12, 13, 13, 15, ? 17<br>(A) 14 (B) 16 (C) 17 (D) 19 |
| **9** | 140, 68, 32, 14, ?<br>(A) 5 (B) 6 (C) 7 (D) 8 |
| **10** | 4, 27, 16, 125, 36, ?<br>(A) 49 (B) 216 (C) 64 (D) 343 |


સૂચના : પ્રશ્ન નં. 11 થી 14 માં દર્શાવેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલા ત્રિકોણ છે તે જણાવો.

**11**




(A) 28 (B) 36 (C) 41 (D) 44

**12**




(A) 19 (B) 27 (C) 30 (D) 33

**13**




(A) 32 (B) 36 (C) 40 (D) 40 થી વધારે

**14**



(A) 3 (B) 4 (C) 6 (D) 8

**15** નીચે બે આકૃતિઓ આપેલી છે તે બે પૈકી કઈ આકૃતિમાં વધુ ત્રિકોણ મળશે ?




આકૃતિ-1



આકૃતિ-2

(A) આકૃતિ-1 (B) આકૃતિ-2 (C) બન્નેમાં સરખા (D) કંઈ કહી ન શકાય

**16** નીચે આપેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલા ચોરસ મળશે ?






(A) 24 (B) 28 (C) 30 (D) 32

**17** નીચે આપેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલા ચોરસ મળશે ?



(A) 26 (B) 30 (C) 34 (D) 90

| | | |
|---|---|---|
| 18 | નીચે આપેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલા લંબચોરસ મળે ?<br> | (A) 26 (B) 90 (C) 168 (D) 180 થી વધુ |
| 19 | નીચે આપેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલા લંબચોરસ મળે ?<br> | (A) 191 (B) 168 (C) 141 (D) 100 કરતાં ઓછાં |
| 20 | નીચે આપેલી આકૃતિમાં વધુમાં વધુ કેટલા લંબચોરસ મળે કે જે ચોરસ ન હોય ?<br> | (A) 26 (B) 32 (C) 28 (D) 34 |

સૂચના : નીચે આપેલા 21 થી 25 પ્રશ્નોમાં આપેલા શબ્દના અંગ્રેજી મૂળાક્ષરોને તેમના મૂળાક્ષરોના ક્રમ પ્રમાણેની ગોઠવણીનો સાચો ક્રમ લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | PARTNER | (A) AENPRRT | (B) AENRPRT | (C) AEPNRRT | (D) AEPRRTN |
| 22 | MANGO | (A) ANGMO | (B) AGMNO | (C) AGNMO | (D) AGOMN |
| 23 | HOUSE | (A) EOUHS | (B) EHOUS | (C) EHOSU | (D) HOUES |
| 24 | FABRICS | (A) ABCIRFS | (B) ABCIRSF | (C) ABFIRCS | (D) ABCFIRS |
| 25 | FESTIVAL | (A) AEFILSTV | (B) AFEILSTV | (C) AEFLISTV | (D) AFELISTV |

સૂચના : નીચે આપેલા પ્રશ્ન નં. 26 થી 30 માં ગુજરાતી મૂળાક્ષરોને નીચે મુજબ અંકમાં દર્શાવીને સાચા વિકલ્પથી જવાબ આપો.


| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અંક : | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| મૂળાક્ષર : | ક | ગ | છ | ત | ન | ર | સ |

| | |
|---|---|
| 26 | "છગન કસરત કર" વાક્યના મૂળાક્ષરોનો સરવાળો કેટલો થાય ?<br>(A) 28 (B) 30 (C) 35 (D) 34 |

| | |
|---|---|
| 27 | તરસ − રસ = ?<br>(A) 400 (B) 600 (C) 700 (D) એકેય નહિ |
| 28 | ૨ × સ વડે બનતી સંખ્યા માટે કયો શબ્દ બને ?<br>(A) રસ (B) સર (C) ગત (D) તગ |
| 29 | 'સફરજન' શબ્દ માટે કયો અંક સંકેત યોગ્ય ગણાય ?<br>(A) 78695 (B) 72634 (C) 71245 (D) 73425 |
| 30 | નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?<br>(A) છ×ન = ક×ન (B) ૨×ત = ગ×ત (C) સરક−તરસ = 294 (D) તરસ > સરસ |


સૂચના : નીચે આપેલા 31 થી 35 પ્રશ્નોમાં દરેકમાં ચાર આકૃતિઓ આપેલી છે. તે પૈકીની એક આકૃતિ બાકીની ત્રણ આકૃતિઓથી જુદી પડે છે. આ જુદી પડતી આકૃતિ શોધો.

31




(A) (B) (C) (D)

32





(A) (B) (C) (D)

33




(A) (B) (C) (D)

34



(A) (B) (C) (D)

| 35 |  (A) (B) (C) (D) |
|---|---|

સૂચના : પ્રશ્ન નં. 36 થી 40 માં અંગ્રેજી મૂળાક્ષરો કે અંકો માટે સુચવેલી સાંકેતિક ભાષાને ધ્યાનમાં લઈ ઉત્તર આપો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 36 | જો TASK = 2468 અને HELP = 1357 હોય તો PLEASE = ? | | | | |
| | (A) 571461 | (B) 573463 | (C) 753463 | (D) 751461 | |
| 37 | જો LOVE = OLEV તો HATE = ? | | | | |
| | (A) SZGV | (B) AHET | (C) AEHT | (D) TYHW | |
| 38 | જો RAJ = TDN તો ? = DDX | | | | |
| | (A) BAT | (B) CAT | (C) BAD | (D) ANT | |
| 39 | જો APPLE = 250 તો GRAPE = ? | | | | |
| | (A) 250 | (B) 215 | (C) 235 | (D) ત્રણ પૈકી એકેય નહિ | |
| 40 | જો HAND = 81144 તો HARD = ? | | | | |
| | (A) 81184 | (B) 81174 | (C) 81204 | (D) 82304 | |

સૂચના : નીચે આપેલા 41 થી 50 પ્રશ્નોમાં દર્શાવેલ ચાર વિકલ્પોમાંથી એક વિકલ્પ અલગ પડે છે તે શોધો.

| | | | | |
|---|---|---|---|---|
| 41 | (A) ગ | (B) ણ | (C) મ | (D) ન |
| 42 | (A) ગ | (B) જ | (C) ડ | (D) ન |
| 43 | (A) B | (B) C | (C) D | (D) E |
| 44 | (A) EC | (B) ID | (C) OF | (D) UH |
| 45 | (A) 9 | (B) 25 | (C) 36 | (D) 1 |
| 46 | (A) પાણી | (B) બ્રોમિન | (C) પારો | (D) હવા |
| 47 | (A) જુલાઈ | (B) ઓક્ટોબર | (C) સપ્ટેમ્બર | (D) ઓગસ્ટ |
| 48 | (A) 6 | (B) 8 | (C) 27 | (D) 125 |
| 49 | (A) 6 | (B) 28 | (C) 496 | (D) 512 |
| 50 | (A) ગઝલ | (B) સોનેટ | (C) હાઈકુ | (D) નિબંધ |


સૂચના : નીચે આપેલા 51 થી 55 પ્રશ્નોમાં X||Y સંકેતથી અરીસો દર્શાવેલ છે. તે અરીસાની ડાબી તરફની પ્રશ્ન આકૃતિને અરીસામાં જોવાથી તે કેવી દેખાશે? તે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને જણાવો.

**51**





પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

**52**





પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

**53**





પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

**54**




પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

**55**




પ્રશ્ન આકૃતિ (A) (B) (C) (D)

સૂચના : નીચે આપેલા પ્રશ્ન નં. 56 થી 60 માં પ્રથમ બે શબ્દોના ચોક્કસ સંબંધને ધ્યાનમાં રાખી (?) પ્રશ્નાર્થ દર્શાવેલ સ્થાન માટે બંધબેસતો વિકલ્પ પસંદ કરો.

| | | | | |
|---|---|---|---|---|
| 56 | ભારત : રૂપિયો – અમેરિકા : ? | | | |
| | (A) પાઉન્ડ | (B) ડોલર | (C) યુરો | (D) દિરહામ |
| 57 | કાર્બન : C – સોડિયમ : ? | | | |
| | (A) S | (B) Si | (C) Na | (D) Ca |

| | |
|---|---|
| 58 | ઘોડો : વછેરું – ? : ખોલકું<br>(A) ઊંટ (B) ભેંસ (C) ગધેડો (D) ઘોડો |
| 59 | સમય : ઘડિયાલ – ? : સ્પ્રિંગ કાંટો<br>(A) કદ (B) વજન (C) અંતર (D) ઉંચાઇ |
| 60 | નાતાલ : ડિસેમ્બર – ? : જાન્યુઆરી<br>(A) સ્વતંત્રતા દિવસ (B) ગાંધી જયંતિ (C) ઉત્તરાયણ (D) હોળી |

સૂચના : નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 61 થી 65 માં દર્શાવેલ વિકલ્પોને તાર્કિક રીતે ચડતા ક્રમમાં ગોઠવો.

| | |
|---|---|
| 61 | 1. ઓક્સિજન 2. કાર્બન 3. નાઇટ્રોજન 4. હિલીયમ (પરમાણુ ક્રમાંક આધારે)<br>(A) 4-2-3-1 (B) 4-1-3-2 (C) 2-3-1-4 (D) 2-3-4-1 |
| 62 | 1. કંદર્પ 2. માર્ગ 3. ક્ષત્રિય 4. જ્ઞાન (શબ્દકોશ ક્રમ આધારે)<br>(A) 1-2-3-4 (B) 1-3-4-2 (C) 1-3-2-4 (D) 3-1-4-2 |
| 63 | 1. અશોક 2. ચંદ્રગુપ્ત 3. ધનનંદ 4. બિંબિસાર (કાલાનુક્રમ આધારે)<br>(A) 3-1-2-4 (B) 2-3-4-1 (C) 3-2-4-1 (D) 2-1-4-3 |
| 64 | 1. (6 × 9) 2. (72 ÷ 3) 3. (56 – 1) 4. (37 + 14)<br>(A) 1-2-3-4 (B) 2-3-4-1 (C) 2-4-3-1 (D) 2-4-1-3 |
| 65 | 1. ફકરો 2. મૂળાક્ષર 3. વાક્ય 4. શબ્દ<br>(A) 2-4-3-1 (B) 2-4-1-3 (C) 2-3-4-1 (D) 4-2-1-3 |

સૂચના : નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 66 થી 70 માં દર્શાવેલ વિકલ્પોને તાર્કિક રીતે ઉતરતા ક્રમમાં ગોઠવો.

| | |
|---|---|
| 66 | 1. ધારાસભ્ય 2. મુખ્યમંત્રી 3. સરપંચ 4. વડાપ્રધાન<br>(A) 2-4-1-3 (B) 4-2-1-3 (C) 2-3-4-1 (D) 1-2-3-4 |
| 67 | 1. જિલ્લો 2. તાલુકો 3. દેશ 4. ભૂમિખંડ<br>(A) 4-3-2-1 (B) 1-2-3-4 (C) 4-3-1-2 (D) 2-1-3-4 |
| 68 | 1. લાલ કિલ્લો 2. રાણીની વાવ 3. કોણાર્કનું સૂર્યમંદિર 4. ઇલોરાની ગુફાઓ (ઉત્તરથી દક્ષિણ દિશા તરફ)<br>(A) 1-2-3-4 (B) 4-3-1-2 (C) 1-2-4-3 (D) 2-4-3-1 |

| | | | | |
|---|---|---|---|---|
| 69 | 1. કબડ્ડી 2. ક્રિકેટ 3. ખો-ખો 4. બાસ્કેટબોલ (મેદાન પર રમી રહેલા એક ટુકડીના ખેલાડીઓની સંખ્યા) | | | |
| | (A) 2-3-1-4 | (B) 4-3-2-1 | (C) 1-3-2-4 | (D) 2-4-1-3 |
| 70 | 1. સૌથી નાની વિભાજ્ય સંખ્યા 2. સૌથી નાની અવિભાજ્ય સંખ્યા<br>3. ગુણાકાર વિશે તટસ્થ સંખ્યા 4. બાદબાકી વિશે તટસ્થ સંખ્યા | | | |
| | (A) 4-2-3-1 | (B) 3-4-1-2 | (C) 2-1-3-4 | (D) 1-2-3-4 |

**સૂચના :** પ્રશ્ન ક્રમાંક 71 થી 75 માં '+' ને બદલે '–', '–' ને બદલે '×', '×' ને બદલે '+' અને '÷' ને બદલે '+' ગણતાં શો જવાબ આવે ? તે વિકલ્પમાંથી શોધો.

| | | | | |
|---|---|---|---|---|
| 71 | $89 \div 121 \times 11 + 14 - 7$ | | | |
| | (A) 2 | (B) 14 | (C) 36 | (D) 32 |
| 72 | $25 \div 6 \times 2 - 3 + 1$ | | | |
| | (A) 4 | (B) 33 | (C) 28 | (D) 100 |
| 73 | $9 - 8 + 72 \times 9 \div 36$ | | | |
| | (A) 68 | (B) 33 | (C) 100 | (D) 27 |
| 74 | $65 \div 35 \times 7 - 8 + 6$ | | | |
| | (A) 97 | (B) 98 | (C) 99 | (D) 100 |
| 75 | $8 \div 7 - 9 + 6 \times 2$ | | | |
| | (A) 68 | (B) 78 | (C) 82 | (D) 72 |

**સૂચના** - પ્રશ્ન નં. 76 થી 80 માટે માગ્યા પ્રમાણે જવાબ લખો.

| | | | | |
|---|---|---|---|---|
| 76 | જો માર્ચ મહિનાની 12મી તારીખે શુક્રવાર હોય તો નવેમ્બર મહિનામાં કયો વાર પાંચ વખત આવશે ? | | | |
| | (A) શુક્રવાર | (B) શનિવાર | (C) રવિવાર | (D) સોમવાર |
| 77 | જો 25 એપ્રિલના રોજ શુક્રવાર હોય તો 18 જુલાઈના રોજ કયો વાર હોય ? | | | |
| | (A) શુક્રવાર | (B) શનિવાર | (C) સોમવાર | (D) રવિવાર |
| 78 | જો ત્રણ દિવસ પહેલાં શનિવાર હોય તો ત્રણ દિવસ પછી કયો વાર હશે ? | | | |
| | (A) શનિવાર | (B) રવિવાર | (C) શુક્રવાર | (D) ગુરુવાર |
| 79 | ક્રિસ એ તેના મામાના પિતાની એકમાત્ર પુત્રીની પુત્રી નેત્રાનો શું થાય ? | | | |
| | (A) કાકા | (B) મામા | (C) ભાઈ | (D) પિતા |
| 80 | એક ફોટા તરફ આંગળી ચીંધીને વિવાન કહે "આ ફોટાવાળી વ્યક્તિ મારા દાદાની દીકરીના એકમાત્ર દીકરાના એકમાત્ર મામા છે." તો તે વ્યક્તિ વિવાનને શું થાય ? | | | |
| | (A) મામા | (B) પુત્ર | (C) ભાઈ | (D) પિતા |

| | |
|---|---|
| 81 | રશ્મિ વાયવ્ય દિશા તરફ મોં રાખી 5 કિ.મી. ચાલે છે. તેનો ભાઈ એ જ સ્થળેથી ઈશાન દિશા તરફ 12 કિ.મી. ચાલે છે. તો હવે તે બન્ને એકમેકથી કેટલા અંતરે હશે ?<br>(A) 17 કિ.મી. (B) 7 કિ.મી. (C) 13 કિ.મી. (D) 8.5 કિ.મી. |
| 82 | સુર્યાસ્ત સમયે અમીત દક્ષિણ દિશા તરફ મોં રાખીને ઊભો છે. તો તેનો પડછાયો કઈ દિશા તરફ પડશે ?<br>(A) પૂર્વ (B) પશ્ચિમ (C) ઉત્તર (D) દક્ષિણ |
| 83 | જો ઈશાન = પશ્ચિમ, પૂર્વ = વાયવ્ય હોય તો અગ્નિ = ?<br>(A) ઉત્તર (B) દક્ષિણ (C) પૂર્વ (D) વાયવ્ય |
| 84 | રમણીક તેની ઘડિયાળ એવી રીતે ગોઠવે છે કે 8:00 વાગ્યે મિનિટ કાંટો ઉત્તર દિશા તરફ રહે તો 10:30 વાગ્યે કલાક કાંટો કઈ દિશા તરફ રહે ?<br>(A) ઈશાન (B) અગ્નિ (C) નૈઋત્ય (D) વાયવ્ય |
| 85 | અર્થ અને ઈશાની હાલની ઉંમરનો સરવાળો 17 વર્ષ છે. તો 13 વર્ષ પછી બન્નેની ઉંમરનો સરવાળો કેટલો થશે ?<br>(A) 30 વર્ષ (B) 43 વર્ષ (C) 20 વર્ષ (D) 26 વર્ષ |
| 86 | નમીરાના જન્મ સમયે તેની અને તેના પિતાની ઉંમરનો સરવાળો 25 વર્ષ હતો. જો હાલમાં તે બન્નેની ઉંમરનો સરવાળો 41 વર્ષ હોય તો નમીરાની હાલની ઉંમર શોધો.<br>(A) 16 વર્ષ (B) 8 વર્ષ (C) 12 વર્ષ (D) 7 વર્ષ |
| 87 | એક હરોળમાં ડાબી બાજુથી ગણતાં મયુર ત્રીજા સ્થાને અને જમણી બાજુથી ગણતાં જયદીપ ત્રીજા સ્થાને છે. જો તે બન્ને પાસપાસે હોય તો તે હરોળમાં ઓછામાં ઓછી કેટલી વ્યક્તિઓ હોય ?<br>(A) 3 (B) 4 (C) 5 (D) 7 |
| 88 | માઇકલ એક સીધી હરોળમાં ડાબી બાજુથી ગણતાં 14મા અને જમણી બાજુથી ગણતાં 7મા સ્થાને છે. તો તે હરોળમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે ?<br>(A) 19 (B) 20 (C) 21 (D) 22 |
| 89 | જેનીશા કરતાં જિયાન મોટો છે. હીરવા કરતાં હિયાન મોટો છે. હીયાન કરતાં જેનીશા મોટી છે. તો સૌથી મોટું કોણ ?<br>(A) જેનીશા (B) જિયાન (C) હીરવા (D) હિયાન |
| 90 | બે સિક્કા ઉછાળતાં ઓછામાં ઓછી એક સિક્કા પર છાપ મળે તેની સંભાવના કેટલી ?<br>(A) $\frac{1}{4}$ (B) $\frac{1}{2}$ (C) $\frac{3}{4}$ (D) 0 |

**91** $\frac{3}{5}$ અને $\frac{3}{4}$ ની વચ્ચે આવતી સંમેય સંખ્યા કઈ છે ?

(A) $\frac{10}{20}$ (B) $\frac{18}{20}$ (C) $\frac{14}{20}$ (D) $\frac{19}{20}$

**92** $\frac{-3}{10}$ ના વ્યસ્તની વિરોધી સંખ્યા = ..........

(A) $\left(\frac{-3}{10}\right)$ (B) $\left(\frac{3}{10}\right)$ (C) $\left(\frac{-10}{3}\right)$ (D) $\left(\frac{10}{3}\right)$


**93** બે પૂર્ણ સંખ્યાઓનો તફાવત 66 છે. જો આ બે પૂર્ણ સંખ્યાનો ગુણોત્તર 2:5 હોય, તો તેમાં નાની સંખ્યા ........ હશે.

(A) 44 (B) 22 (C) 33 (D) 66

**94** જો $\frac{9x}{7-6x}=15$ હોય તો $x$ = .........

(A) $\frac{33}{35}$ (B) $\frac{35}{33}$ (C) $\frac{9}{11}$ (D) $\frac{11}{9}$

**95**




ઉપરની આકૃતિ માટે $x + y$ = ........

(A) $280^0$ (B) $140^0$ (C) $260^0$ (D) $540^0$

**96** □RENT લંબચોરસના વિકર્ણ એકબીજાને બિન્દુ O માં છેદે છે. જો OR = $2x + 4$ તથા OT = $3x + 1$ હોય તો $x$ =........


(A) 2 (B) 3 (C) 4 (D) 5

| | |
|---|---|
| 97 | ₹ 700 ની મૂળ કિંમત ધરાવતી વસ્તુને ₹ 728 માં વેચતાં કેટલા ટકા નફો થાય ?<br>(A) 28 (B) 7 (C) 4 (D) 14 |
| 98 | એક વ્યક્તિની વાર્ષિક આવકમાં 10% વધારો થતાં ₹ 1,54,000 થઈ. તો આ વ્યક્તિની વધારા પહેલાંની વાર્ષિક આવક કેટલી હશે ?<br>(A) 1,04,000 (B) 14,000 (C) 10,400 (D) 1,40,000 |
| 99 | 13824 નું ઘનમૂળ = .........<br>(A) 24 (B) 42 (C) 28 (D) 38 |
| 100 | એક મોટર સાયકલની કિંમત ₹ 80,000 છે. આ મોટર સાયકલને ખરીધ્યા બાદ પ્રતિ વર્ષ 10% કિંમતમાં ઘટાડો થાય તો બે વર્ષને અંતે તેની કિંમત કેટલી થશે ?<br>(A) 64,000 (B) 68,400 (C) 64,800 (D) 68,800 |
| 101 | 64000000 નું ઘનમૂળ શોધતા મળતી સંખ્યામાં છેલ્લેથી કેટલા શૂન્ય આવશે ?<br>(A) 6 (B) 3 (C) 2 (D) 4 |
| 102 | સમઘનની બાજુનું માપ 5 મીટર છે તો સમઘનનું ઘનફળ કેટલું થશે ?<br>(A) 25 ચો. મીટર (B) 25 ઘન મી. (C) 125 ચો. સેમી (D) 125 ઘન મી. |
| 103 | ચોરસનું ક્ષેત્રફળ 1296 ચો.સેમી. છે, તો ચોરસની બાજુનું માપ ........ થાય.<br>(A) 26 સેમી (B) 36 સેમી (C) 46 સેમી (D) 56 સેમી |
| 104 | $(5)^2 + (.....)^2 = (13)^2$<br>(A) 8 (B) 12 (C) 18 (D) 64 |
| 105 | એક પાસાને ફેંકતા મળતી સંખ્યા બેકી અવિભાજ્ય સંખ્યા મળે તેની સંભાવના ........ થાય.<br>(A) $\frac{1}{6}$ (B) $\frac{1}{2}$ (C) $\frac{1}{3}$ (D) $\frac{1}{4}$ |
| 106 | એક વેપારી એક ચોપડાના વેચાણ પર ₹ 2 નફો કરે છે. જો આ જ વેપારી એક નોટબુકના વેચાણ પર 80 પૈસા ખોટ કરે છે. જો વેપારીએ બે ડઝન ચોપડા તથા ત્રણ ડઝન નોટબુકનું વેચાણ કર્યું હોય તો વેપારીને ...... થશે.<br>(A) ₹ 19.20 ખોટ (B) ₹ 12 ખોટ (C) ₹ 19.20 નફો (D) ₹ 12 નફો |

107 કાર 1 લિટર પેટ્રોલનો ઉપયોગ કરી 18 કિલોમીટર અંતર કાપે છે. તો $4\frac{2}{3}$ લિટરનો ઉપયોગ કરતાં ........ કિલોમીટર અંતર કાપે.

(A) 72 (B) 84 (C) 98 (D) 112

108




ઉપરની આકૃતિમાં $x$ ની કિંમત કેટલી થશે ?

(A) $120^0$ (B) $60^0$ (C) $180^0$ (D) $70^0$

109 નીચેના સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો.

$\frac{-3}{4}, \frac{-3}{7}, \frac{-3}{2}, \frac{-3}{10}$

(A) $\frac{-3}{2}, \frac{-3}{4}, \frac{-3}{7}, \frac{-3}{10}$ (B) $\frac{-3}{7}, \frac{-3}{2}, \frac{-3}{10}, \frac{-3}{4}$

(C) $\frac{-3}{4}, \frac{-3}{10}, \frac{-3}{7}, \frac{-3}{2}$ (D) $\frac{-3}{10}, \frac{-3}{7}, \frac{-3}{4}, \frac{-3}{2}$

110 વર્તુળનો પરિઘ 154 સેમી છે. તો વર્તુળનો વ્યાસ = .........

(A) 49 સેમી (B) $\frac{49}{2}$ સેમી (C) 7 (D) $\frac{7}{2}$

111 પ્રાણીઓ અને બીજા ઘણા સજીવો પોતાનો ખોરાક વનસ્પતિ પાસેથી મેળવે છે જેને ........ પોષણ કહે છે.

(A) પરાવલંબી (B) સ્વાવલંબી (C) મૃતોપજીવી (D) સહજીવન

112 કાર્બન ડાયોકસાઇડ + પાણી $\xrightarrow[\text{હરિતદ્રવ્ય}]{\text{સૂર્યપ્રકાશ}}$ .......... + ઓક્સિજન

(A) પાણી (B) લેક્ટિક એસિડ (C) પાચક રસ (D) કાર્બોદિત પદાર્થ

113 નીચેનામાંથી કયું પ્રાણી નળી જેવા મુખાંગો દ્વારા ખોરાક ગ્રહણ કરે છે ?

(A) સમડી (B) હમિંગ બર્ડ (C) જૂ (D) ગોકળગાય

114 સફરજનને બચકું ભરવા માટે કયા પ્રકારના દાંતનો ઉપયોગ કરી શકાય ?

(A) રાક્ષી (B) છેદક (C) દાઢ (D) અગ્રદાઢ

115 બાખરવાલ ઘેટુ કયા રાજ્યમાં જોવા મળે છે ?

(A) જમ્મુ અને કાશ્મીર (B) ગુજરાત

(C) રાજસ્થાન (D) પંજાબ

116 મને ઓળખો : હું તાપમાનનું માપન કરતું સાધન છું.

(A) ગ્લુકોમીટર (B) ઓડોમીટર

(C) લેક્ટોમીટર (D) થર્મોમીટર

117 નીચેનામાંથી કયું ઉષ્માવહનની રીતથી ગરમ થતું નથી ?

(A) લોખંડની પટ્ટી (B) સ્ટીલની ચમચી

(C) દૂધ (D) તાંબાનો તાર

118 એસિડ સ્વાદે ........... હોય છે.

(A) તુરા (B) ખાટાં (C) ખારા (D) તીખા

119 જાસુદના ફૂલનું સૂચક બેઝિક દ્રાવણને કેવું બનાવે છે ?

(A) રંગવિહિન (B) ઘેરા ગુલાબી (મેજેન્ટા)

(C) લીલું (D) લાલ

120 કાગળનું સળગવું એ કેવા પ્રકારનો ફેરફાર કહેવાય ?

(A) ભૌતિક ફેરફાર (B) રાસાયણિક ફેરફાર (C) સામાજિક ફેરફાર (D) આર્થિક ફેરફાર

121 ભૂમિમાં રહેલા સડેલા મૃત ઘટકોને શું કહે છે ?

(A) કચરો (B) પ્રદૂષકો (C) જંતુનાશક (D) સેન્દ્રિય પદાર્થો

122 અળસિયું શ્વસન ......... દ્વારા કરે છે.

(A) શ્વસન છિદ્ર (B) ભીની અને ચીકણી ત્વચા (C) ફેફસા (D) ઝાલર

| | |
|---|---|
| 123 | રુધિરમાં .......... હોય છે જે શરીરમાં પ્રવેશતા જીવાણુઓ સામે લડે છે.<br>(A) શ્વેત કણો (WBC) (B) રક્ત કણો (RBC)<br>(C) રુધિર રસ (Plasma) (D) ત્રાક કણો (Platelets) |
| 124 | નીચેનામાંથી એકલિંગી પુષ્પ શોધો.<br>(A) પેટુનિયા (B) સરસવ (C) કાકડી (D) ગુલાબ |
| 125 | નીચેના પૈકી કયા સાધનમાં બહિર્ગોળ લેન્સનો ઉપયોગ થતો નથી ?<br>(A) ચશ્મા (B) ટોર્ચ (C) ટેલિસ્કોપ (D) માઈક્રોસ્કોપ |
| 126 | માટીને ઉપર નીચે અને પોચી કરવાની ક્રિયાને ....... કહે છે.<br>(A) ખેડાણ (B) લણણી (C) સિંચાઈ (D) સંગ્રહ |
| 127 | મને ઓળખો : મારા દ્વારા ખેતરમાંથી નિંદણને દૂર કરી શકાય છે.<br>(A) હળ (B) સમાર (C) વાવણિયાં (D) ખરપિયો |
| 128 | ટાઈફોઈડ શાના દ્વારા થાય છે ?<br>(A) બેક્ટેરિયા (B) પ્રજીવ (C) ફૂગ (D) વાઈરસ |
| 129 | શર્કરા (ખાંડ)નું આલ્કોહોલમાં રૂપાંતર થવાની પ્રક્રિયાને શું કહે છે ?<br>(A) આવરણ (B) આથવણ (C) અપક્ષય (D) અવક્ષેપન |
| 130 | વાતાવરણમાં નાઈટ્રોજન વાયુનું પ્રમાણ કેટલું હોય છે ?<br>(A) 21% (B) 78% (C) 0.03% (D) 71% |
| 131 | કયા રેસાને કૃત્રિમ રેશમ તરીકે ઓળખવામાં આવે છે ?<br>(A) નાયલોન (B) કપાસ (C) ઊન (D) રેશમ |
| 132 | વિદ્યુત સુવાહક પદાર્થ શોધો.<br>(A) સલ્ફર (B) કોલસાનો ટૂકડો (C) લાકડાની માપપટ્ટી (D) સ્ટીલનો તાર |
| 133 | નીચેના પૈકી કઈ ધાતુ સામાન્ય તાપમાને પ્રવાહી હોય છે ?<br>(A) સોડીયમ (B) રેડિયમ<br>(C) મરક્યુરી (D) પોટેશિયમ |
| 134 | $C_uSO_4 + Zn \rightarrow .......... + C_u$<br>(A) $Z_nSO_4$ (B) $Z_nSO_3$ (C) $F_eSO_4$ (D) $C_uSO_4$ |

| | |
|---|---|
| 135 | મેગ્નેશિયમ ઓક્સાઇડ ........ પ્રકૃતિ ધરાવે છે.<br>(A) એસિડ (B) બેઝિક (C) તટસ્થ (D) એસિડ અને બેઝિક |
| 136 | નીચેના પૈકી કોનો પુનઃ અપ્રાપ્ય કુદરતી સંસાધનોમાં સમાવેશ થતો નથી ?<br>(A) જંગલો (B) વન્યજીવો (C) હવા (D) કોલસો |
| 137 | CNG નું પુરું નામ જણાવો.<br>(A) કોમ્પ્યુટિંગ નેચર ગેસ (B) કોલ નેચરલ ગેસ<br>(C) કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (D) કમ્પેર નેચરલ ગેસ |
| 138 | જે રાસાયણિક પ્રક્રિયા દરમિયાન પદાર્થ ઓક્સિજન સાથે પ્રક્રિયા કરીને ઊર્જા ઉત્પન્ન કરે છે તેને ......... કહે છે.<br>(A) બાષ્પીભવન (B) દહન (C) ઉત્કલન (D) ગલન |
| 139 | લાકડું એ ........ પદાર્થ છે.<br>(A) દહનશીલ (B) અદહનશીલ (C) જૈવ અવિઘટનીય (D) સજીવ |
| 140 | મીણબત્તીની જ્યોતનો કયો વિસ્તાર સૌથી ગરમ હોય છે ?<br>(A) સૌથી બહારનો વિસ્તાર (B) મધ્યનો વિસ્તાર<br>(C) અંદરનો વિસ્તાર (D) અપૂર્ણ દહન વાળો વિસ્તાર |
| 141 | કયા વાયુને ગ્લોબલ વોર્મિંગ અંતર્ગત સૌથી વધુ કારણભૂત માનવામાં આવે છે ?<br>(A) સલ્ફર ટ્રાયોક્સાઈડ (B) કાર્બન ડાયોક્સાઈડ<br>(C) સલ્ફર મોનોક્સાઇડ (D) કાર્બન મોનોક્સાઈડ |
| 142 | "એવો વિસ્તાર જ્યાં પ્રાણીઓ તેમજ તેના નિવાસ કોઈપણ પ્રકારના ખલેલથી સુરક્ષિત હોય છે" - તેને શું કહેવામાં આવે છે ?<br>(A) વન (B) રાષ્ટ્રીય ઉદ્યાન (C) જૈવાવરણ (D) પ્રાણી સંગ્રહાલય |
| 143 | નિશ્ચિત કાર્યો કરતા કોષોના સમૂહને ........ કહે છે.<br>(A) કોષ (B) પેશી (C) અવયવ (D) તંત્ર |
| 144 | ગાલનાં કોષમાં શું જોવા મળતું નથી ?<br>(A) કોષરસ (B) કોષ કેન્દ્ર (C) કોષ દિવાલ (D) કોષકેન્દ્ર પટલ |
| 145 | પ્લાસ્ટિકના મુખ્યત્વે કેટલા પ્રકાર હોય છે ?<br>(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર |

| | |
|---|---|
| 146 | રાણીની વાવ કયા વંશના શાસનકાળમાં બનાવવામાં આવેલ હતી ?<br>(A) ચાવડા વંશ (B) સોલંકી વંશ (C) વાઘેલા વંશ (D) મૈત્રક વંશ |
| 147 | સલ્તનતકાળના વંશને શાસનકાળ મુજબ ક્રમમાં ગોઠવો.<br>(A) ગુલામ વંશ, તુઘલક વંશ, સૈયદ વંશ, ખલજી વંશ, લોદી વંશ<br>(B) (A) અને (C) બંને<br>(C) ગુલામ વંશ, ખલજી વંશ, તુઘલક વંશ, સૈયદ વંશ, લોદી વંશ<br>(D) એકપણ નહિ |
| 148 | આપેલાં વિધાનો સાચાં છે કે ખોટા તે જણાવો.<br>1. હુમાયુનું અવસાન વાંચનાલયના પગથિયાં પરથી પડી જવાથી થયું હતું.<br>2. શેરશાહનું અવસાન તોપનું નિરીક્ષણ કરતા અકસ્માતથી થયું હતું.<br>(A) 1. સાચું 2. ખોટું (B) 2. સાચું<br>(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા |
| 149 | ઝાલાવાડ વિસ્તારમાં પશુપાલકો એક વિશિષ્ટ પ્રકારનો રાસ રમે છે તેને શું કહે છે ?<br>(A) હુડો (B) ભાંગડા (C) ઘૂમટ (D) ધમાલ |
| 150 | ગઢકટંગાના ગોંડ રાજ્યમાં આશરે કેટલા ગામડાઓનો સમાવેશ થતો હતો ?<br>(A) 84,000 (B) 7,000 (C) 12,000 (D) 70,000 |
| 151 | પોઠના સમૂહને શું કહે છે ?<br>(A) પાઇક (B) ટાંડું (C) ખેલ (D) એકપણ નહિ |
| 152 | નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?<br>(A) બીજક - કબીર (B) શીખ - ગુરુગ્રંથસાહેબ<br>(C) મીરાંબાઈ - વૈષ્ણવજન... (D) તુલસીદાસ - રામચરિત માનસ |
| 153 | કથક શબ્દ શેના પરથી ઊતરી આવેલ છે ?<br>(A) કંટક (B) કથા (C) નૃત્ય (D) કવિતા |
| 154 | નીચેનામાંથી પ્રથમ પેશ્વા કોણ હતો ?<br>(A) બાજીરાવ પહેલો (B) માધવરાય પહેલો (C) બાલાજી બાજીરાવ (D) બાલાજી વિશ્વનાથ |

| | |
|---|---|
| 155 | નીચેનામાંથી કયું આંતરિક અગ્નિ કૃત ખડકનું ઉદાહરણ છે ?<br>(A) ચીકણી માટી (B) ચૂનાનો પથ્થર (C) ગ્રેનાઇટ (D) આરસપહાણ |
| 156 | જેટ વિમાન કયા આવરણમાં ઓછા અવરોધ અને ઝડપથી ઊડી શકે છે ?<br>(A) સમતાપ (B) ક્ષોભ (C) મધ્યાવરણ (D) ઉષ્માવરણ |
| 157 | નેશનલ ફાયર સર્વિસ ડે ક્યારે ઊજવવામાં આવે છે ?<br>(A) 14, જાન્યુઆરી (B) 14, એપ્રિલ (C) 16, એપ્રિલ (D) 16 જાન્યુઆરી |
| 158 | ભારતમાં સૌથી વધુ જંગલો ક્યાં જોવા મળે છે ?<br>(A) હરિયાણા (B) અંદમાન - નિકોબાર<br>(C) અસમ (D) ગુજરાત |
| 159 | ગુજરાત સરકાર દ્વારા કુપોષણમુક્ત ગુજરાત અભિયાન માટેના એમ્બેસેડર તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ?<br>(A) લતા મંગેશકર (B) સુષ્મા સ્વરાજ<br>(C) કલ્પના ચાવલા (D) સરિતા ગાયકવાડ |
| 160 | કાપડના ઉત્પાદન માટેનો કાચો માલ કયો છે ?<br>(A) કપાસ (B) શેરડી (C) મગફળી (D) ડાંગર |
| 161 | ભારતમાં ન્યાયતંત્રની શરૂઆત કરનાર અંગ્રેજ અધિકારી કોણ હતા ?<br>(A) ડેલહાઉસી (B) વેલેસ્લી (C) ક્લાઇવ (D) વોરન હેસ્ટિંગ્ઝ |
| 162 | ઝારખંડ રાજ્યમાં હજારીબાગ આસપાસ કયા આદિવાસીઓનો સમૂહ રહેતો હતો ?<br>(A) સંથાલ (B) કોયા<br>(C) કોલ (D) મુંડા |
| 163 | ઈ.સ. 1857 ના સંગ્રામનું નેતૃત્વની બાબતમાં નીચેનામાંથી શું સાચું છે ?<br>(A) લખનૌ - બેગમ હજરત (B) બિહાર - કુંવરસિંહ<br>(C) દ્વારકા - જોધા માણેક (D) ઉપરોક્ત તમામ |

| | |
|---|---|
| 164 | કયા શહેરને ભારતનું માન્ચેસ્ટર કહેવામાં આવે છે ?<br>(A) સુરત (B) અમદાવાદ (C) મુંબઈ (D) કોલકત્તા |
| 165 | નીચેનામાંથી એકલ - સંસાધન કયું છે ?<br>(A) ઑક્સિજન (B) કાયોલાઈટ<br>(C) કોલસો (D) જળ |
| 166 | એશિયાની સૌથી મોટી સૌરઊર્જા યોજના કયા રાજ્યમાં આવેલ છે ?<br>(A) મધ્ય પ્રદેશ (B) ગુજરાત<br>(C) મહારાષ્ટ્ર (D) અસમ |
| 167 | દિવેલાના ઉત્પાદનમાં વિશ્વમાં કયો દેશ પ્રથમ ક્રમે છે ?<br>(A) બ્રાઝિલ (B) શ્રીલંકા<br>(C) ચીન (D) ભારત |
| 168 | સિલિકોન વેલી ક્યાં આવેલી છે ?<br>(A) અમદાવાદ (B) જાપાન<br>(C) કેલિફોર્નીયા (D) બંગ્લુરુ |
| 169 | 1. આપણા દેશની લોકસભામાં 545 સભ્યો છે.<br>2. આપણા દેશની રાજ્યસભામાં 250 સભ્યો છે.<br>(A) 1. સાચું (B) બંને સાચા (C) બંને ખોટાં (D) 1. સાચું, 2. ખોટું |
| 170 | ભારતમાં સર્વોચ્ચ અદાલતનો આરંભ ક્યારે થયો હતો ?<br>(A) 26 જાન્યુ. 1950 (B) 28 જાન્યુ. 1950<br>(C) 15 ઑગ. 1949 (D) 15 ઑગ. 1947 |
| 171 | લશ્કરમાં ભારતીયોને ઊંચામાં ઊંચા કયા હોદ્દો આપવામાં આવતો હતો ?<br>(A) મેજર (B) સુબેદાર (C) કર્નલ (D) જનરલ |
| 172 | પૂર્વ ભારતનો મહત્ત્વનો વેપારી પાક કયો છે ?<br>(A) ગળી (B) કપાસ (C) ચા (D) ઘઉં |

| | |
|---|---|
| 173 | ગુજરાતનું પાંડરવાડા વર્તમાન સમયમાં કયા જિલ્લામાં આવેલું છે ?<br>(A) આણંદ (B) ખેડા<br>(C) અમદાવાદ (D) મહિસાગર |
| 174 | આધુનિક ભારતના સર્જક તરીકે કોને ઓળખવામાં આવે છે ?<br>(A) ક્લાઇવ (B) કોર્નવોલિસ<br>(C) ડેલહાઉસી (D) દોરાબજી |
| 175 | નીચેનામાંથી કયું સંસાધન બિન-નવીનીકરણીય છે ?<br>(A) ખનીજ કોલસો (B) જંગલો (C) પવન (D) સૂર્યપ્રકાશ |
| 176 | સમુદ્રમાં ભરતી આવે છે; કારણ કે........<br>(A) સખત ફૂંકાતા પવનથી પાણીની સપાટી ઊંચકાય છે.<br>(B) સમુદ્રના તળિયે સતત તીવ્ર હિલચાલ થતી રહે છે.<br>(C) પૃથ્વીની ગતિની સમુદ્રની સપાટી પર અસર પડે છે.<br>(D) સમુદ્રની સપાટી પર સૂર્ય - ચંદ્રનું ગુરુત્વાકર્ષણબળ લાગે છે. |
| 177 | ભાલ પ્રદેશ કયા પાક માટે જાણીતો છે ?<br>(A) ઘઉં (B) શેરડી<br>(C) ચીકુ (D) કેરી |
| 178 | ખાનગી ક્ષેત્રનો ઉદ્યોગ કયો છે ?<br>(A) હિન્દુસ્તાન એરોનોટિક્સ (B) ટાટા આયરન એન્ડ સ્ટીલ<br>(C) નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (D) સ્ટીલ ઓથોરીટી ઓફ ઇન્ડિયા |
| 179 | કોઈપણ દેશનું શાસન કોઈ સંપ્રદાયની કે ધર્મની માન્યતાને આધારે ન ચાલે તેને કેવો દેશ કહેવાય ?<br>(A) પ્રજાસત્તાક દેશ (B) લોકશાહી દેશ<br>(C) બિનસાંપ્રદાયિક દેશ (D) સાંપ્રદાયિક દેશ |
| 180 | નીચેનામાંથી કયું ગૃહ કાયમી છે ?<br>(A) રાજ્યસભા (B) લોકસભા (C) વિધાનસભા (D) તમામ્ |